आज़ादी का अमृत महोत्सव

www.bankofbaroda.in

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

# શેરહોલ્ડરોને સૂચના – ડિવિડંડ પર કર

બેન્કના બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ 31 મે, 2022ના રોજ યોજાયેલી તેમની મિટિંગમાં નાણાકીય વર્ષ 2021–22 માટે પ્રત્યેક રૂ. 2ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 2.85નું ડિવિડંડ આપવાની ભલામણ કરી છે અને 27 જૂન, 2022ના રોજ નિર્ધારિત બેન્કની 26મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ખાતે શેરહોલ્ડરો દ્વારા મંજૂર કરવામાં આવે તો તે ચૂકવવાપાત્ર રહેશે.

ડિવિડંડના હેતુથી બુક ક્લોઝર તારીખ 21 જૂન, 2022થી 27 જૂન, 2022 રહેશે. **આથી કટ–ઓફ તારીખ, એટલે કે, 20 જૂન, 2022ના રોજ શેરો ધરાવતા શેરહોલ્ડરો ડિવિડંડ માટે પાત્ર બનશે.** ડિવિડંડ એજીએમની તારીખથી 30 દિવસના સમયગાળામાં પાત્ર શેરહોલ્ડરોને તે સભ્યોને જેમણે તેમના બેન્ક અકાઉન્ટની વિગતો અપડેટ કરાવી હોય તેમને વિવિધ ઓનલાઈન માધ્યમથી ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી અથવા કોઈ અન્ય મંજૂર માધ્યમથી ચૂકવવામાં આવશે.

નાણાં ધારા 2020 દ્વારા સુધારણા અનુસાર આવકવેરા ધારા 1961 (ધારા)ની જોગવાઈઓ અંતર્ગત કંપની દ્વારા ચૂકવવામાં અથવા વિતરણ કરવામાં આવનારાં ડિવિડંડ 1 એપ્રિલ, 2020ના રોજ અથવા પછી શેરહોલ્ડરોના હાથોમાં કરપાત્ર રહેશે. આથી બેન્કે કથિત ડિવિડંડની ચુકવણી કરવામાં આવે ત્યારે સમયાંતરે સૂચિત અનુસાર લાગુ સરચાર્જ અને સેસ સહિત મુકરર દરે સ્રોત ખાતે કર કાપી લેવાનું આવશ્યક રહેશે.

શેરહોલ્ડરો જો પેન ધરાવતા નહીં હોય /તેમનો પ્રમાણિત પેન નોંધણી નહીં કરાવ્યો હોય અથવા જેમણે આવકનું તેમનું રિટર્ન નોંધાવ્યું નહીં હોય તેઓ ધારાની કલમ 206–એબી ની જોગવાઈઓ અનુસાર બિન– અભિમુખ માનવામાં આવશે અને આવા કિસ્સામાં 20%ના દરે ડિવિડંડની રકમમાંથી સ્રોત ખાતે કર કાપી લેવાશે.

બધા શેરહોલ્ડરોએ ધારા અનુસાર પ્રમાણિત પરમેનન્ટ અકાઉન્ટ નંબર (પેન), નિવાસી સ્થિતિના સંદર્ભ સાથે તેમની વિગતો આપવાની ખાતરી રાખવાની વિનંતી છે, જેમ કે, નાણાકીય વર્ષ 2022–23 માટે લાગુ અનુસાર નિવાસી અથવા બિન–નિવાસી, પેન અનુસાર તેમના અકાઉન્ટની શ્રેણી, ઈમેલ /ટપાલનું સરનામું, બેન્ક અકાઉન્ટની વિગતો, લાગુ અનુસાર, ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે જાળવવામાં આવતા તેમના અકાઉન્ટ સાથે (જો શેરો ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં ધરાવવામાં આવતા હોય) સંપૂર્ણ /અપટેડેટ હોય અને જો શેરો પ્રત્યક્ષ સ્વરૂપમાં ધરાવતા હોય તો બેન્કની રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ કેફિન ટેકનોલોજીઝ લિમિટેડ ("આરટીએ /કેફિન") પાસે સંપૂર્ણ /અપડેટેડ હોય તેની ખાતરી રાખવાની વિનંતી છે.

બેન્કે આ સંબંધમાં શેરહોલ્ડરોને વિગતવાર ઈમેઈલ સંદેશ મોકલી દીધો છે.

ટીડીએસ કાપી લેવાશે, સિવાય કે ધારાની જોગવાઈઓ હેઠળ મુક્ત હોય અને મુકરર સ્વ–પ્રમાણિત દસ્તાવેજો સુપરત કરવાને આધીન રહેશે, જે દસ્તાવેજો બેન્કની વેબસાઈટ https://www.bankofbaroda.in/shareholders-corner/shareholders-meeting-agm-egm/26th-annual-general-meeting-2022/format-dividend અથવા આરટીએની https://ris.kfintech.com/form15 પરથી ડાઉનલોડ કરી શકાશે.

**શેરહોલ્ડરોને છેલ્લામાં છેલ્લે 25 જૂન, 2022ના રોજ સાંજે 5.00 (ભારતીય સમય અનુસાર) મુકરર દસ્તાવેજ** આરટીએની વેબસાઈટ https://ris.kfintech.com/form15 પરથી અપલોડ કરવાની વિનંતી છે અને બેન્ક યોગ્ય ટીડીએસ / વિથહોલ્ડિંગ કર દર નક્કી કરી અને કાપી શકે તે માટે તેમને einward.ris@kfintech.com પર ઈમેઈલ કરવા વિનંતી છે. **25 જૂન, 2022ના સાંજે 5.00 (ભારતીય સમય અનુસાર) પછી કર નિશ્ચિતીકરણ / કપાત પર કોઈ સંદેશવ્યવહારને ધ્યાનમાં નહીં લેવાશે.**

**બેન્ક ઓફ બરોડા વતી**
**પી. કે. અગરવાલ**
**કંપની સેક્રેટરી**

**સ્થળ: મુંબઈ**
**તારીખ: 14.06.2022**

45/22-23